## હિંમતનગરના કાણીયોલ ગામમાં કોરોનાના કેસ વધતા

# સાત દિવસ સુધી સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય

### સવારે બે કલાક અને સાંજે બે કલાક જ દુકાનો રખાશે ખુલ્લી રાખવામાં આવશે : ગામમા એકસાથે ૧૦થી વધુ કેસ આવતા ગામ લોકો અને પંચાયતે લીધો નિર્ણય લીધો



હિંમતનગર, તા.૦૩ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાણીયોલ ગામમાં કોરોના કેસોમાંમાં સતત વધારો થતા ગ્રામજનો દ્વારા સ્વયંભૂ ઼ૅઈ્છાર્ૂહ જાહેર કરવામાં આવ્યું છે જેમાં ગામમાં આજથી ૭ દિવસ એટલે કે ૯ એપ્રીલ સુધી નિયત સમયનું લોકડાઉન રખાશે. સવારે ૭ થી ૯ અને સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રખાશે. નોંધનીય છે કે, હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનની બીજી લહેર દરમિયાન દિનપ્રતિદિન કોરોના કેસો વધી રહ્યા છે ત્યારે. વધતા સંક્રમણ ને રોકવા ગ્રામજનો લોકડાઉન કરી રહ્યા છે

ગુજરાતમાં કોરોના એ કાળો કહેર વર્તાવ્યો છે, ત્યારે સાબરકાંઠા જીલ્લાના વધુ એક ગામે લોકડાઉન લગાવ્યું છે. હિંમતનગર તાલુકાના કાણીયોલ ગામે લોકડાઉન લગાવ્યું છે. નોંધનીય છે કે, જીલ્લામાં કોરોના સંક્રમણ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે ત્યારે વધતા સંક્રમણ ને રોકવા ગ્રામજનો લોકડાઉન કરી રહ્યા છે. આજથી ૯ એપ્રીલ તારીખ સુધી નિયત સમયનું લોકડાઉન રખાશે. સવારે ૭ થી ૯ અને સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રખાશે. સાત દિવસના નિયત દરમિયાન કોરોનાનું પાલન કરવા ગ્રામજનો સજ્જ બન્યા છે અને કોરોના પાલન કરતા નજરે પડી રહ્યા છે.

## બાળકોનાં પગનાં તળીયાં દાઝેલાં જોઈ હૃદય દ્રવિ ઉઠ્યું

### કાળઝાળ ઉનાળો : પુંસરીના નટુભાઈ ચૌધરી પરિવાર ટ્રસ્ટ દ્વારા બાળકોને પગરખાંનું મફત વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ મેઘરજ તાલુકાના અંતરીયાળ નાનીપંડુલી પ્રા.શાળામાં અભ્યાસ કરતા ગરીબ પરિવારોના બાળકોને ધોમધખતા તાપમાં દેશી નળીયાંવાળા



ઘર પાસે ઝાડ નીચે ચાલતી શેરી શાળા જોવા મળી જેમાં બાળકો વધુ અને પગરખાં ઓછાં હતાં. તલોદ તાલુકાના પુંસરીના નટુભાઈ ચૌધરી પરિવાર ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદોને સહાય કરવાનો મહાયજ્ઞ વર્ષોથી ચાલ્યો આવ્યો છે. પરિવારના ધ્યાન ઉપર વિગત આવતાં શાળામાં અભ્યાસ કરતા ૬૦ થી વધુ બાળકોને પગરખાં અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોનાં પગનાં તળીયાં દાઝેલાં જોઈ હૃદય દ્રવિ ઉઠ્યું અને બાળકોને ધોમધખતા તાપમાં પગનાં તળીયાં ન દાઝે તે માટે સુરક્ષા કવચ મળ્યું.

ગરીબ પરિવારની મહિલાઓ, વિધવા તેમજ અનાથ બાળકો માટેની મદદ માટે નટુભાઈ ચૌધરી પરિવાર ટ્રસ્ટ હંમેશાં તૈયાર હોય છે. અનેક સેવાકીય કાર્યોના લોકયજ્ઞ શરૂ કર્યા પછી હવે છેવાડાના ગરીબ પરિવારોના આંખો લૂંછવાના પણ પ્રયાસ થઈ રહ્યા છે. ટ્રસ્ટના સર્વેસર્વા રાજસ્થાન સરહદે મેઘરજ તાલુકાના અંતરીયાળ ગામમાં પહોંચ્યા જ્યાં શેરી શાળામાં અભ્યાસ કરતા બાળકોને મદદ કરવા જેવી છે તેવું અગાઉથી જાણ્યું હતું અને ત્યાં પહોંચ્યા પછી અભ્યાસમાં તત્પર બાળકો ધગધગતી ધરતીને પણ નજરઅંદાજ કરતા જોવા મળ્યા. આખરે સેવાના ભેખધારી નટુભાઈ ચૌધરી પરિવાર ટ્રસ્ટ દ્વારા બાળકોને નવાં પગરખાં આપવામાં આવ્યાં ત્યારે અપાર ખુશાલી જોઈ ઉપસ્થિત સેવાભાવીઓ પણ ભાવુક થયા હતા. સમસ્ત આંજણા પાટીદાર સમાજ ભલે નટુભાઈ ચૌધરીના ઉપકારને નજર અંદાજ કરતા હોય પરંતુ તેમને આંજણા પાટીદાર સમાજને બૃહદ સાબરકાંઠા જિલ્લામાં આગવી ઓળખ અપાવી હતી.

### મોડાસાના ગાજણ ટોલનાકા પાસેથી

## ટુ વ્હીલર ઉપર દેશી દારૂની હેરાફેરી કરતા ત્રણ શખ્સો ઝડપાયા

બાયડ, તા.૦૩ મોડાસાના ગાજણ ટોલનાકા પાસેથી અરવલ્લી એલસીબી પોલીસે ચેકિંગ - નાકાબંધી દરમિયાન ટુ વ્હીલર ગાડી ઉપર દેશી દારૂની હેરાફેરી કરતા ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ?. ૯૨,૮૦૦/- નો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર અરવલ્લી એલસીબી પોલીસ સ્ટાફના માણસો મોડાસા ના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે દરમિયાન ગાજણ ટોલનાકા ઉપર નાકાબંધી



દરમિયાન શામળાજી તરફથી આવતા ત્રણ ટુ વ્હીલર શંકાસ્પદ જણાતા તપાસ હાથ ધરતા રૂ. ૨૮૦૦/- નો દેશી દારૂનો મુદ્દામાલ મળી આવતા ત્રણેય આરોપીઓની ટુ વ્હીલર સાથે અટકાયત કરી મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

### સમાચાર રફતાર

- અમદાવાદમાંથી ૧૦૦ કિલો ગાંજા સાથે ૩ આરોપીઓ પકડાયા.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૭ બાળકો કોરોના પોઝીટીવ આવતા ભારે ચિંતાનો માહોલ.
- મોરવાહડફ પેટા ચૂંટણી માટેના જનરલ નિરિક્ષક હરપ્રીતસિંગ કોરોનાથી સંક્રમિત.
- ખેડૂત નેતા રાકેશ ટીકૈત આબુરોડથી ટ્રેક્ટર યાત્રા દ્વારા અંબાજી પહોંચશે.
- બોમ્બેમાં વાનખેડે સ્ટેડિયમના આઠ ગ્રાઉન્ડમેન કોરોનાથી સંક્રમિત થતાં આઈપીએલ મેચ સામે પ્રશ્નાર્થ.
- કોરોના મહામારીના પગલે બોમ્બેમાં ૬૦૦ ઈમારતો સીલ કરાઈ.
- બાંગ્લાદેશમાં ૫ મી એપ્રિલથી એક અઠવાડિયાનું લોકડાઉન.
- કોરોનાના કેસ વધતા નાયબ મુખ્યમંત્રી વડોદરા પહોંચ્યા.
- એટલાન્ટીક મહાસાગરના પૂર્વ ભાગમાં ૬.૬ ની તીવ્રતાવાળો ભૂકંપ.
- પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં પ્રતિબંધ છતાંય દરગાહ પર હજ્જારોની ભીડ.
- રાજસ્થાનના ખેડૂત નેતા રાકેશ ટીકૈત પર હુમલાના આરોપસર એવીબીપીના નેતા સહિત ૧૬ની ધરપકડ.
- ઉત્તરપ્રદેશના ગોરખપુર વિસ્તારમાં ભાજપના નેતાની હત્યા.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને હવે આઈસીયુમાંથી સ્પેશીયલ રૂમમાં ખસેડાયા.

## RT-PCR ટેસ્ટ ફરજિયાત કરાતાં લેબમાં પડાપડી થઈ

### ગુજરાત સરકારના નિર્ણયથી ખાનગી લેબમાં તડાકો : શહેરમાં ૬૦૦થી વધારે કેસ આવે છે પરંતુ જાણકારો રોજ ૧૨૦૦ કેસ નોંધાતા હોવાનો દાવો કરી રહ્યા છે

અમદાવાદ,તા.૩ કોરોનાનું સંક્રમણ વધતા ગુજરાત સરકારે અન્ય રાજ્યોમાંથી આવતા લોકો માટે આરટી-પીસીઆરનો નેગેટિવ રિપોર્ટ ફરજિયાત કર્યો છે, જે પહેલી એપ્રિલથી અમલી કરવામાં આવ્યું છે. પરિણામે શહેરની ખાનગી લેબોરેટરીઓને તડાકો પડી ગયો છે. હાલ ગુજરાત બહાર જવા માંગતા લોકો ખાનગી લેબમાં આરટી-પીસીઆર કરાવવા પડાપડી કરતાં હોવાથી ખાનગી હોસ્પિટલોના દર્દીઓના કોરોના રિપોર્ટમાં ખાસો વિલંબ થતો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સંક્રમણ વધતા હાલ અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં દાખલ દર્દીઓની સંખ્યા ૨૧૩૯ પર પહોંચી ગઈ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગત વર્ષે કોરોના કાળમાં ખાનગી લેબમાં જેટલા ટેસ્ટ થયાં તેના કરતા અત્યાર બમણા ટેસ્ટ થઈ રહ્યા છે અને તેના કારણે લેબમાં સતત કામ ચાલી રહ્યું છે. શહેરમાં કોરોના સંક્રમણ અને પોઝિટિવ કેસના પ્રમાણમાં સતત વધારો જોવાઈ રહ્યો છે.

મોટાભાગની સોસાયટીમાં એકથી પાંચ કે તેનાથી પણ વધારે કેસો નોંધાઈ રહ્યા છે. હાલ શહેરમાં સત્તાવાર રીતે ૬૦૦થી વધારે કેસ આવી રહ્યા છે, પરંતુ જાણકારો રોજ ૧૨૦૦ કેસ નોંધાતા હોવાનો દાવો કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, ૦૧ એપ્રિલ ૨૦૨૧થી દેશના કોઈપણ રાજ્યમાંથી ગુજરાત આવનારા વ્યક્તિએ ફરજિયાતપણે નેગેટિવ આરટી-પીસીઆર ટેસ્ટ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. આ ટેસ્ટ ગુજરાતમાં એન્ટ્રી લેવાના વધુમાં વધુ ૭૨ કલાક પહેલા કરાવેલો હોવો જોઈએ. જેમની પાસે નેગેટિવ રિપોર્ટ હશે તેમને જ ગુજરાતમાં એન્ટ્રી મળશે. રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા મુજબ શુક્રવારે અમદાવાદમાં વધુ ૨૧ જગ્યાએ નવા કેસો નોંધાતા તે વિસ્તારને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. સંક્રમણ વધતાં વિવિધ વિસ્તારોમાં ચાલતા જીમ બંધ કરવામાં આવ્યા હતા. આ અગે પોલીસ દ્વારા નોટિફિકેશન પણ બહાર પાડવામાં આવ્યું હતું, જેના આધારે શુક્રવારે જીમ ફરીથી ચાલુ થઈ ગયા હતા. જો કે, સંક્રમણ વધી રહ્યું હોવાથી આખરે મોડી સાંજે જીમ ફરી બંધ કરવા માટે આદેશ જારી કરાયા હતા.

## અમદાવાદની ખાનગી હૉસ્પિટલોમાં જગ્યા જ નથી

### હોસ્પિ.માં સારવાર માટે દર્દીનું વેઈટિંગ, કોરોનાની સારવાર માટે રેમિડીસિવિર ઇન્જેક્શન મળી રહ્યા નથી

અમદાવાદ,તા.૩ અમદાવાદમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. ત્યારે સૌથી ચિંતા ઉપજાવનારા સમાચારો સામે આવી રહ્યાં છે કે. સિનિયર તબીબ ડૉ. આર. કે. મંદોતના જણાવ્યા પ્રમાણે, શહેરની તમામ ખાનગી હૉસ્પિટલો મોટાભાગે ફૂલ થઈ ગઈ છે. તેમણે જણાવ્યું છે કે, ૨૫મી માર્ચ બાદ કોરોનાના દર્દીઓમાં વધારો થયો છે અને હૉસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓ પણ વધ્યા છે. તેમણે જણાવ્યું કે, વેન્ટિલેટરની જરૂરવાળા દર્દીઓ વધશે. ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે દર્દીઓનું વેઈટિંગ ચાલુ છે. કોરોનાની સારવાર માટે રેમિડીસિવિર ઈન્જેક્શોન હાલ મળી નથી રહ્યા. સિનિયર તબીબ, ડૉ. આર. કે. મંદોતના જણાવ્યા પ્રમાણે, અમદાવાદમાં છેલ્લા ૧૦ દિવસમાં એટલે કે ૨૫ માર્ચ પછી કોવિડના દર્દીઓ મોટી સંખ્યામાં નોંધાયા છે. કોવિડના દર્દીઓ સોસાયટીમાં પણ વધ્યા છે અને હૉસ્પિટલમાં પણ વધ્યા છે. જેના કારણે જે પ્રાઈવેટ હૉસ્પિટલોએ કોવિડ પેશન્ટ માટે બંધ થઈ હતી તેમણે ફરીથી શરૂ પણ કરી છે. અને મોટાભાગની તમામ ખાનગી હૉસ્પિટલો ભરાઈ ગઈ છે. સિવિલ હોસ્પિટલના સુપ્રીડેન્ટન્ડ, જે વી મોદીના જણાવ્યા પ્રમાણે, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સીમાં ૧૩૫ દર્દીઓ આવ્યા છે. સિવિલ હૉસ્પિટલમાં ૬૮૮ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. હાલ સિવિલ હૉસ્પિટલમાં બેડ વધારીને ૧૦૮૯ કરવામાં આવ્યા છે.

આગામી સમયમાં ચર્ચા કર્યા બાદ કેન્સર હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવામાં આવશે. અમદાવાદ શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટીવ કેસની સંખ્યા ૭૩, ૮૭૫ પર પહોંચી છે. જ્યારે અત્યાર સુધીમાં ૬૯, ૩૪૨ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અમદાવાદમાં કોરોનાને લઈને ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે. ખાનગી હૉસ્પિટલોમાં દરરોજ ૧૫૦થી વધુ દર્દીઓ સારવાર માટે દાખ થઈ રહ્યાં છે. નોંધનીય છે કે, રાજ્યમાં ગઈકાલે કોરોના વાયરસના અત્યાર સુધીના સૌથી વધુ ૨૬૪૦ કેસ નોંધાયા હતા. જ્યારે વધુ ૧૧ લોકોના કોરોના સંક્રમણથી મોત થયાં છે. રાજ્યમાં આજે ૨૦૬૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યાર સુધી ૨,૯૪,૬૫૦ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે.

## કેસર કેરીનો આગોતરો પાક ૨૦મીથી બજારમાં ઠલવાશે

રાજકોટ, તા.૩ તાલાલાની જગમશહૂર કેસર કેરીને જાણે કે, ગ્રહણ લાગ્યું હોય એમ દર વર્ષે કેરીનો પાક સતત નિષ્ફળ જઈ રહ્યો છે. આ વર્ષે પણ કેરીને ૭૦ ટકાથી વધુ નુકસાન થતાં કેરીના સોદા ઉંચા પડવા લાગ્યા છે. કેસર કેરીનો આગોતરો પાક આગામી ૨૦ એપ્રિલથી બજારમાં આવવાનું શરૂ થશે. તાલાલા પંથકમાં ઈજારા રાખનારાને આંબે ઝૂલતી કેસર કેરીના સોદા ૮૦૦ થી ૧૨૦૦ રૂપિયે પડી રહ્યા છે. ગિરમાં કેસર કેરીનો પાક સતત નુકસાનીમાં છે. આખા ગિરમાં આગોતરો પાક માત્ર ૧૫ ટકા પાક બચ્યો હોઈ પાછોતરા પાક તરફ સીઝનનો આધારે છે. હવે ધૂળેટી બાદ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધતા પાછોતરી કેરી વધવા લાગે તેવી શક્યતા છે. પણ વ્હેલી સવારે પડતી ઝાકળથી તેના ખરવાનું પ્રમાણ યથાવત છે. આથી કેરી મર્યાદિત રહેશે એવી શક્યતા છે. એમ જાણકારોનું કહેવું છે. ગતવર્ષે આગોતરી કેરીનું ૧૦ કિલોનું બોક્સ ૬૦૦ થી ૭૫૦ માં એપ્રિલના અંતમાં માર્કેટમાં મળતું હતું. એ સ્થિતી આ વખતે બોક્ષ દીઠ ૯૦૦ થી ૧૦૦૦ રૂપિયે અથવા તેથી વધુ ભાવે વેચાય એવી શક્યતા છે. મે માસમાં કેરીની આવક વધે ત્યારે ભાવ નીચા આવતાં હોય છે. પણ આ વર્ષે કેરીના ભાવ નીચા રહે એવી કોઈ સંભાવના જણાતી નથી. આથી સ્વાદ રસીકોને કેરીની વધુ કિંમત ચૂકવવી પડશે.

કેસર કેરીનો આગોતરો પાક આગામી ૨૦ એપ્રિલથી બજારમાં આવવાનું શરૂ થશે. નવે.-ડિસે.માં લાગેલો ફાલ એપ્રિલના અંત સુધીમાં આવશે. જ્યારે બીજા તબક્કાનો ફાલ બચ્યો ન હોવાથી પાછોતરી કેરીની બજારમાં આવક મેના અંત અને જુનની શરૂઆતમાં આવવાની શક્યતા છે.

### ભારત પ્રથમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાજા થયા હતા, જ્યારે ૫૭ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૨.૪૫ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૨.૧૩ લાખ સાજા થયા છે, જ્યારે ૬,૯૮૩ લોકોનાં મોત થયાં છે. હાલમાં ૨૫,૪૫૮ લોકો સારવાર લઈ રહ્યા છે.

દિલ્હીમાં શુક્રવારે અહીં ૩,૫૯૪ નવા કેસ આવ્યા હતા. ૨,૦૮૪ દર્દી સાજા થયા અને ૧૪ લોકોનાં મૃત્યુ થયાં હતાં. અત્યારસુધીમાં આ મહામારીથી ૬.૬૮ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે, ૬.૪૫ લાખ લોકો સાજા થયા અને ૧૧,૦૫૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલમાં ૧૧,૯૯૪ લોકોની સારવાર ચાલી રહી છે.

મધ્યપ્રદેશમાં શુક્રવારે, ૨,૭૭૭ નવા દર્દી મળી આવ્યા. ૧,૪૮૨ લોકો સાજા થયા, જ્યારે ૧૬ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૩ લાખ લોકો કોરોના સંક્રમણથી અસરગ્રસ્ત થયા છે, એમાંથી ૨.૭૭ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૪,૦૧૪ લોકોનાં મૃત્યુ થયાં છે હાલમાં ૧૯,૩૩૬ લોકો સારવાર લઈ રહ્યા છે.

### હાહાકાર મચાવશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુલેરિયાએ કહ્યુ કે દેશમાં કોરોના વાયરસના ઝડપથી પ્રસારને રોકવા માટે મિની લૉકડાઉનની જરૂર છે. દેશમાં કોવિડ-૧૯ની સ્થિતિ ચિંતાજનક છે અને વાયરસના પ્રસાર માટે લોકો બેદરકારી રાખી રહ્યા છે.

ડો.ગુલેરિયાએ કહ્યુ કે વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે કારણકે લોકો આ માટે બેદરકારી રાખી રહ્યા છે, માસ્ક અને સોશિયલ ડિસ્ટંસીંગના નિયમોને લોકો ફોલો નથી કરી રહ્યા. દેશમાં હવે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યા છે. જો કે તેમની પ્રતિરક્ષા વયસ્કોની સરખામણીમાં વધુ મજબૂત છે. તેમણે કહ્યુ કે પૂર્ણ રસીકરણ માટે દેશમાં ૨૦૦ કરોડ ડોઝની જરૂર છે. તેમણે કહ્યુ કે કોરોના વેક્સીનની રસી લાગ્યા બાદ પણ લોકોએ ૬ ફૂટનુ અંતર જાળવવુ જોઈએ અને દરેક સમયે માસ્ક પહેરવુ જોઈએ. કન્ટેન્ટ ઝોન વધારવાની જરૂર છે.

### જવાન શહીદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બટાલિયનના જવાનો સંયુક્ત રીતે તપાસ કરવા નીકળ્યા હતા. આ સમયે સિલગેરના જંગલમાં નક્સલવાદીઓએ હુમલો કર્યો હતો. આ સંજોગોમાં જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. જવાનોને રેસ્ક્યુ કરવા માટે હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા છે.

બીજી બાજુ, ગંગાલૂર વિસ્તારના ચેરપાલ પાસે મોદીપારામાં સીઆરપીએફ ૮૫ બટાલિયનના જવાનોએ ૮ કિલો આઈઈડી વિસ્ફોટક જપ્ત કર્યા છે. નક્સલવાદીઓએ તેને જવાનોને નિશાન બનાવવા માટે પ્લાન્ટ કર્યો હતો. આ માટે જવાનોને નિશાન બનાવવાની યોજના ઘડવામાં આવી હતી. બાદમાં અનેક વિસ્ફોટકોનો નાશ કરવામાં આવ્યો છે.

૧૦ દિવસ અગાઉ ૨૩ માર્ચના રોજ નક્સલવાદીઓએ નારાયણપુર જિલ્લામાં ડીઆરજી જવાનોથી ભરેલી બસમાં બ્લાસ્ટ કર્યો હતો. આ ઘટનામાં ૫ જવાન શહીદ થયા હતા, જ્યારે ૧૨ ઈજાગ્રસ્ત થયા હતા. બ્લાક સમયે બસમાં ૨૪ જવાન હતા. માહિતી મળતા જ બેકઅપ ફોર્સને મોકલી દેવામાં આવી હતી. તમામ જવાન એક ઓપરેશનને પાર પાડી પરત આવી રહ્યા હતા.

### ગલ્લાના દબાણો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થિતિ વચ્ચે દિવસે અને રાત્રિના સમયે પણ આ વિસ્તારમાં સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. બીજીતરફ દબાણોના લીધે સાંકડા માર્ગ પર વાહનોની અવરજવર વધુ મુશ્કેલ બને છે. વાહનચાલકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. આસપાસ સ્થિત લારી ગલ્લાના લીધે સાંકડા માર્ગ પર વાહનો પાર્ક કરી દેવામાં આવે છે. નગરના ઘ માર્ગ પર અન્ડર પાસના લોકાર્પણની પ્રક્રીયામાં હજુ સમય લાગે તેમ છે. ત્યારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી આ સ્થિતિ નિવારવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે.